# શહેરના અંતિમધામમાં વર્ષ દરમિયાન ૪૧૧૯ મૃતકોના અગ્નિસંસ્કાર

ગાંધીનગર, તા.૩ ગાંધીનગર શહેરમાં વર્ષ-૨૦૨૦ દરમિયાન સેક્ટર-૩૦ અંતિમધામ અને સરગાસણ રૂદ્રભુમિ ખાતે ૪૧૧૯ મૃતકોના અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા છે.

**રૂદ્રભૂમિ અંતિમધામ સરગાસણ**

જાન્યુઆરીથી ડિસેમ્બર-૨૦૨૦

| માસ | લાકડા | ગેસ | કુલ |
|---|---|---|---|
| જાન્યુઆરી | ૩૧ | ૧ | ૩૨ |
| ફેબ્રુઆરી | ૧૮ | ૧૮ | ૩૬ |
| માર્ચ- | ૮ | ૩૫ | ૪૩ |
| એપ્રિલ | ૮ | ૩૩ | ૪૧ |
| મે | ૨ | ૩૯ | ૪૧ |
| જુન | ૨ | ૨૨ | ૨૪ |
| જુલાઈ | ૭ | ૩૫ | ૪૨ |
| ઓગષ્ટ | ૧૩ | ૪૧ | ૫૪ |
| સપ્ટેમ્બર | ૧૧ | ૪૪ | ૫૫ |
| ઓક્ટેબર | ૨૧ | ૪૬ | ૬૭ |
| નવેમ્બર | ૧૮ | ૬૯ | ૮૭ |
| ડિસેમ્બર | ૨૨ | ૨૮૦ | ૩૦૨ |
| કુલ | ૧૬૧ | ૬૬૩ | ૮૨૪ |

જયારે મુકિતધામ ખાતે ૨૩૨ મૃતક બાળકોની દફનવિધી પણ કરાઈ છે. તો બીજીતરફ કોરોનાના કાળમાં સારવાર દમિયાન મૃત્યુને ભેટેલા ૭૫૧ વ્યકિતના અગ્નિસંસ્કાર સેકટર-૩૦ મુકિતધામ ખાતે કરાયા છે. પાટનગરના અંતિમધામ ખાતે સૌ પ્રથમવાર મૃતકોના અગ્નિસંસ્કારમાં પણ ૪૦ ટકા જેટલો વધારો જોવા મળ્યો છે. કારણ કે ગાંધીનગર શહેર ઉપરાંત અન્ય જિલ્લાના પણ કોરોનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હોય તેવા મૃતકોની પણ અંતિમક્રિયા પાટનગરના મુકિતધામ ખાતે થવા પામી છે.

મળતી વિગત મુજબ રાજયના પાટનગરમાં સાબરમતિ નદીના કિનારે મુકિતધામ આવેલું છે. તે ઉપરાંત ગુડા વિસ્તારમાં સરગાસણ ખાતે રૂદ્રભુમિ અંતિમધામ આવેલુ છે. ત્યારે શહેરના અંતિમધામમાં સામાન્ય વર્ષમાં આટલી મોટીસંખ્યામાં મૃતકોના અગ્નિસંસ્કાર આજદિન સુધી થયા નથી. પરંતુ કોરાનાકાળમાં શહેરના અંતિમ ધામ પણ મૃતકોની અગ્નિસંસ્કાર વિધી માટે લાંબી લાઈનો લાગતી હતી. વર્ષ ૨૦૨૦ દરમિયાન સેકટર મુકિતધામ ખાતે ૬૦૬ લાકડામાં અગ્નિસંસ્કાર વિધી કરાઈ છે. જયારે ૧૯૩૮ મૃતકોની ગેસ સંચાલિત સગડીમાં અગ્નિસંસ્કાર કરાયા છે.

જયારે છેલ્લા એક વર્ષ દરમિયાન સેકટર-૩૦ ના અંતિમધામમાં ૪૧૧૯ ની અંતિમવિધી કરાઈ છે. જેમાં કોરોનાના ૭૫૧ મૃતકોનો પણ અગ્નિસંસ્કાર આપવામાં આવ્યા છે. આ ઉપરાંત ગુડા સંચાલિત સરગાસણ સ્થિત રૂદ્રભુમિ અંતિમધામ ખાતે છેલ્લા એક વર્ષમાં ૧૬૧ મૃતકોની લાકડામાં જયારે ૬૬૩ મૃતકોને ગેસની સગડીમાં અંતિમવીધી કરાઈ છે. રૂદ્રભુમિ ખાતે વર્ષ દરમિયાન ૮૨૪ મૃતકોના અંતિમક્રિયા કરાઈ છે. જયારે વર્ષના નવેમ્બર અને ડિસેમ્બર માસમાં સૌથી વધુ મૃતકોના અંતિમસંસ્કાર કરાયા છે.

**મુક્તિધામ (ગાંધીનગર)**

જાન્યુઆરી-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦

| માસ | લાકડા | ગેસ | બાળક દફન | કુલ અંતિમવિધિ | કુલ કોરોના |
|---|---|---|---|---|---|
| જાન્યુઆરી-૨૦ | ૯૧ | ૯૪ | ૧૮ | ૨૦૩ | - |
| ફેબ્રુઆરી-૨૦ | ૫૮ | ૭૭ | ૧૯ | ૧૫૪ | - |
| માર્ચ-૨૦ | ૬૩ | ૮૮ | ૯ | ૧૬૦ | - |
| એપ્રિલ-૨૦ | ૧ | ૧૦૫ | ૧૫ | ૧૨૧ | ૧ |
| મે-૨૦ | - | ૧૫૯ | ૨૬ | ૧૮૫ | ૧૪ |
| જુન-૨૦ | - | ૧૬૪ | ૧૩ | ૧૭૭ | ૩૯ |
| જુલાઈ-૨૦ | - | ૨૩૫ | ૨૯ | ૨૬૪ | ૮૦ |
| ઓગષ્ટ-૨૦ | - | ૨૨૦ | ૧૬ | ૨૩૬ | ૬૯ |
| સપ્ટેમ્બર-૨૦ | ૪૪ | ૨૦૭ | ૨૩ | ૨૭૪ | ૧૧૯ |
| ઓક્ટોબર-૨૦ | ૧૨૪ | ૧૭૭ | ૨૨ | ૩૨૩ | ૧૨૫ |
| નવેમ્બર-૨૦ | ૧૨૮ | ૨૫૯ | ૨૨ | ૪૦૯ | ૨૦૭ |
| ડિસેમ્બર-૨૦ | ૯૭ | ૧૫૩ | ૨૦ | ૨૭૦ | ૯૭ |
| કુલ | ૬૦૬ | ૧૯૩૮ | ૨૩૨ | ૨૭૭૬ | ૭૫૧ |

## ખૂણેખાંચરેથી

- દહેગામ તાલુકાના ડીજીટલ સેવા સેતુમાં નબળા દેખાવને લઈ નોટીસો આપવામાં આવી છે.
- ૧૯૭૧ અને ૨૦૨૧નું કેલેન્ડર એક સરખુ હોવાની વાતને લઈ લોકજીભે ચર્ચાઓ શરૂ થઈ છે.
- ગાંધીનગર જિલ્લામાં ઠંડીનું વાતાવરણ પુનઃ જામી રહ્યુ હોવાથી ગરમ વસ્ત્રોની ખરીદી બજારોમાં ભીડ જમાવી રહી છે.
- ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે કેસમાં થોડોક વધારો જોવા મળ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૧૦૦થી વધુ કેસ અત્યાર સુધીમાં નોંધાઈ ચુક્યા છે.
- સનદી અધિકારીઓની બઢતી અને ઉચ્ચત્તર પગાર ધોરણમાં મુકવાના નિર્ણય પછી હવે બદલીનો દોર હાથ પર લેવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.
- રાજ્ય ચૂંટણી પંચે પણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ તેની કામગીરી વેગીલી બનાવી છે. બે નવા નોંધાયેલા અમાન્ય રાજકીય પક્ષોને નિશાન ફાળવણી અંગે તેમજ પ્રજાશક્તિ મોરચા નોંધણી માટેના જાહેરનામા પ્રસિદ્ધ કર્યા છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આ લોકો સાચુ કહે છે, મે બીજા લગ્ન કર્યાને એ પેલાવાળી કરતા પણ ખતરનાક છે... કોરોનામાં પણ આવું જ હશે...!!

# રાજ્યના તમામ નાગરિકોનું કોરોના સામે રસીકરણ થાય તે માટે આરોગ્યતંત્ર સજ્જ : નીતિનભાઈ

ગાંધીનગર, તા. ૩ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોરોના સામેની વેક્સિન આપવાની પ્રક્રિયામાં નાગરિકની સલામતી એ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે અને એટલે જ તમામ ટ્રાયલ સફળતાપૂર્વક હાથ ધર્યા બાદ જ નાગરિકોને રસી આપવામાં આવશે.

અમદાવાદમાં રામદેવનગર સ્થિત સેવાભાવી સંસ્થા- સદવિચારમાં મોક્ષવાહિની રથના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે કોરોનાની વેક્સિનનું આર્થિક ભારણ ગરીબ અને મધ્યમવર્ગ પર ન આવે તેની દરકાર પણ રાજ્ય સરકાર કરી રહી છે.

કોરોના સામેની વેક્સિન અંગે રાજ્ય સરકારના આરોગ્યતંત્રના આયોજનની રૂપરેખા આપતા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ત્રણ તબક્કામાં રસીકરણની પ્રક્રિયા હાથ ધરાશે. પ્રથમ તબક્કામાં ફંટલાઈન વોરિયર્સ- મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ, બીજા તબક્કામાં આશા વર્કર અને પોલીસ જવાનો અને ત્રીજા તબક્કામાં સિનિયર સિટિઝન અને કો-બિંડ(ડાયાબીટીસી, બ્લડપ્રેશર વગેરે)ની સ્થિતિ ધરાવતા દર્દીઓને રસી આપવા માટેનું આયોજન હાથ ધરાયું છે. કોરોના વોરિયર્સને વિના મૂલ્યે રસી અપાશે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે નાગરિકની સલામતી એ ગુજરાત સરકારની પ્રાથમિકતા છે. તેનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે આજ દિન સુધી કોરોના સામેની લડતમાં રાજ્ય સરકારે રુપિયા ૧ હજાર કરોડથી વધુનો ખર્ચ કર્યો છે.




ભારત સરકારે વેક્સિનેશન માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે અને તમામ ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ થયા પછી રાજ્ય સરકાર રસીકરણનો આરંભ કરશે.

નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે કોરોનાને લઈને રાજ્ય સરકારે રાજ્યની ઓળખ સમાન પતંગ મહોત્સવ ન ઉજવવાનું નક્કી કર્યું છે, પણ તેમ છતાં નાગરિકો ઉત્તરાયણ ઉજવી શકે તે માટે જરુરી છૂટછાટ અંગે કોર ગ્રુપની બેઠકમાં ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવાશે.

નીતિનભાઈએ મોક્ષવાહિની રથના લોકાર્પણ પ્રસંગે ગુજરાતીઓની દાન આપવાની ઉજ્જવળ પરંપરાનો પણ ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે કોરોના કાળમાં આપણે સૌએ જોયું છે કે સારા કામ માટે સમાજ હંમેશા આગળ આવ્યો છે. તેમણે મોક્ષવાહિની રથની ભેટ બદલ દાતાઓને અભિનંદન પાઠવતા કહ્યું કે દાન આપવાની ગુજરાતની ગૌરવવંતી પરંપરાને આગળ ધપાવી છે.

નાયબ મુખ્યમંત્રીએ સદવિચાર પરિવારના સેવા-વારસાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે આ સંસ્થામાં હરિભાઈ પંચાલ અને ડોંગરેજી મહારાજ જેવા સમાજસેવકોનું અમૂલ્ય યોગદાન રહેલું છે. તેમણે સદવિચાર પરિવાર દ્વારા હાથ ધરાઈ રહેલી સેવાકીય પ્રવૃત્તિના સંસ્મરણો પણ વાગોળ્યા હતા. આ પ્રસંગે સદવિચાર પરિવારના ટ્રસ્ટીઓ અને સમાજશ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્થાનિક ચૂંટણી, અંદાજપત્ર અને રસીકરણ; રાજ્યના વહીવટી તંત્ર માટે કસોટીનો સમય

કોરોના સંક્રમણમાં ખતમ થયેલા ૨૦૨૦ના વર્ષ પછી નવા શરૂ થયેલા ૨૦૨૧ના વર્ષને લોકો આશાનું વર્ષ કહી રહ્યાં છે. આ વર્ષે કોરોના સંક્રમિતોની સંખ્યા નહીં પણ વેક્સિનેશનના ડોઝ ગણવામાં આવશે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી માટે આ વર્ષમાં ત્રણ નવા પડકાર છે જે પૈકી રસીકરણનો પડકાર એવો છે કે જેને સરકારે પ્રાથમિકતા આપવી પડે તેમ છે. બીજો મોટો પડકાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીનો છે. કોરોના સંક્રમણનો સમય હજી પૂર્ણ થયો નથી ત્યારે ફેબ્રુઆરીમાં આવી રહેલી જિલ્લા-તાલુકા પંચાયતો, પાલિકા અને મહાનગરોની ચૂંટણી સરકાર અને મતદારો માટે ચેલેન્જ બની છે. આમ તો ફેબ્રુઆરી એટલે બજેટનો મહિનો કહેવાય છે પરંતુ સ્થાનિક ચૂંટણી જો આ મહિનામાં થશે તો બજેટ સત્ર પાછું ઠેલવું કે કેમ તેની પર ગંભીર વિચારણા ચાલી રહી છે. હંમેશા એક મહિના સુધી ચાલતા વિધાનસભાના બજેટ સત્રમાં આ વખતે વિલંબ થઈ શકે છે.

### સોમવાર અને મંગળવારે CMએ તેમની મુલાકાતનો દરબાર બગીચાની લોનમાં કરવો જોઇએ

નાણાં વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે જો સ્થાનિક ચૂંટણી ફેબ્રુઆરીમાં યોજાશે તો બજેટ સત્ર માર્ચમાં જઈ શકે છે પરંતુ હજી સરકાર સાથે આ અંગે કોઈ પરામર્શ થયો નથી. અમને એવી સૂચના છે કે બજેટની કામગીરી અને વિભાગની ફાળવણીની પ્રક્રિયા ચાલુ રાખવી. એટલે કે સંપૂર્ણ બજેટની તૈયારીઓ અમે કરી રહ્યાં છીએ. બજેટ સત્ર ક્યારે યોજાશે તેની ચર્ચા કેબિનેટની બેઠકમાં થશે અને ત્યારબાદ રાજયપાલને આહવાન માટે દરખાસ્ત મોકલવામાં આવશે.

**જનતા દરબાર તો બગીચાની લોનમાં હોય...**

સચિવાલયના સ્વર્ણિમ સંકુલમાં સોમવાર અને મંગળવારે એટલી બધી ભીડ એકત્ર થઈ જાય છે કે મુલાકાતીઓને બેસાડવાની વ્યવસ્થા ખોરવાઈ જતી હોય છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીનો સ્વભાવ છે કે તેઓ મળવા માટે કોઈને ઈકાર કરતા નથી પરંતુ તેમની ઓફિસમાં જગ્યાની ગીચતાનો મોટો પ્રશ્ન ઉભો થાય છે. સ્વર્ણિમ સંકુલ ઘણીવાર મુલાકાતીઓની સંખ્યા સામે નાનું લાગે છે તેવા સમયમાં મુખ્યમંત્રી જો તેમના નિવાસસ્થાનના બગીચાની લોનમાં કે મંત્રીમંડળ નિવાસસ્થાન વિસ્તારમાં આવેલા કોમ્યુનિટી સેન્ટર જેવી વિશાળ જગ્યાનો ઉપયોગ કરે તો મુલાકાતીઓને મુક્તમને તેઓ મળી શકે તેમ છે. ગુજરાતમાં જ્યારે માધવસિંહ સોલંકીનું શાસન હતું ત્યારે તેઓ તેમનો જનતા દરબાર તેમના નિવાસસ્થાનની લોનમાં કરતા હતા. અમરસિંહ ચૌધરી, ચીમનભાઈ પટેલ અને કેશુભાઈ પટેલ પણ તેમના બંગલાની લોનમાં મુલાકાતીઓને સહેલાઈથી મળતા હતા. સાત દિવસ પૈકી સોમવાર અને મંગળવાર એવા બે દિવસો છે કે જ્યારે મુલાકાતીઓ, સાંસદો, ધારાસભ્યો અને રાજકીય પાર્ટીના નેતાઓ સ્વર્ણિમ સંકુલમાં આવતા હોય છે. એક ધારાસભ્યની સાથે ૧૦ થી ૧૫ કાર્યકરો જોવા મળે છે. ઘણીવાર સલામતી રક્ષકોની મૂંઝવણ એટલા માટે વધી જાય છે કે તેઓ સ્થળ સંકોચના કારણે એકત્ર ભીડને કાબૂમાં રાખી શકતા નથી.

**અફોર્ડેબલ હાઉસિંગના કારણે મકાનો સસ્તાં...**

ગુજરાતમાં અફોર્ડેબલ હાઉસિંગના કારણે ઘરનાં ઘર સસ્તાં બન્યાં છે. ખાસ કરીને અમદાવાદ જેવા મેગાસિટીમાં સસ્તાં મકાનો મળે તે આશ્ચર્યજનક છે. નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાના એક રિપોર્ટમાં એવું દર્શાવવામાં આવ્યું છે કે ભારતના મુખ્ય શહેરો પૈકી અમદાવાદ એક એવું શહેર છે કે જ્યાં અન્ય શહેરોની સરખામણીએ મકાનો સસ્તાં મળી રહ્યાં છે. સમગ્ર દેશમાં મુંબઈ સૌથી મોંઘુ શહેર છે. સસ્તાં મકાનોની યાદીમાં પૂના અને ચેન્નાઈ પણ આવે છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે મકાનોના ભાવમાં ઘટાડો અને હાઉસિંગ લોન પર નીચા વ્યાજદરના કારણે લોકો રિયલ એસ્ટેટ માર્કેટમાં તેજી જોવા મળી રહી છે. જો કે દેશની રાજધાની દિલ્હીમાં પણ મુંબઈ જેવી મોંઘી પ્રોપર્ટી જોવા મળી રહી છે. રાજ્યના શહેરી વિકાસ વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે --- સરકારે જ્યારથી એફોર્ડેબલ હાઉસિંગની સ્કીમ મૂકી છે ત્યારથી રિયલ એસ્ટેટમાં

### દેશમાં અમદાવાદ એવું મોટું શહેર બન્યું છે કે બીજા શહેરો કરતાં ઘણી સસ્તી પ્રોપર્ટી મળે છે

મિલકતોના ભાવમાં ઘટાડો થયો છે, જો કે જમીનની કિંમતમાં વધારો થયો હોવાનો એકરાર તેમણે કર્યો છે અને કહ્યું છે કે જમીન વધતી નથી તેથી હવે રિયલ એસ્ટેટમાં બહુમાળી ઈમારતોનો કન્સેપ્ટ લાગુ કરવાની આવશ્યકતા છે.

**સુરત શહેરમાં ૨૬૦૦ કરોડનું ડાયમન્ડ બુર્સ...**

સુરતનું નામ પડે એટલે ડાયમન્ડ અને ટેક્સટાઈલ બજાર યાદ આવી જાય છે. આ બન્ને બિઝનેસ એવા છે કે જેણે સુરતને નવું નામ આપ્યું છે પરંતુ તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના સપનાનું ડાયમન્ડ બુર્સ જ્યારે શરૂ થશે ત્યારે સુરતની સૂરત બદલાઈ જશે તે પણ નક્કી છે. પંચતત્વની થીમ પર બની રહેલા ડાયમન્ડ બુર્સનો ખર્ચ ૨૬૦૦ કરોડ રૂપિયા છે. ૨૦૨૧માં આ બુર્સ શરૂ થશે ત્યારે એક સાથે ૪૨૦૦ ઉદ્યોગજૂથો એકસાથે વ્યાપાર કરશે. આ બુર્સમાં વર્ષે અઢી લાખ કરોડ રૂપિયાના બિઝનેસ સાથે ૧.૫૦ લાખ લોકોને રોજગાર મળવાની ધારણા રાખવામાં આવી છે. છેલ્લા અઢી વર્ષથી બુર્સનું બાંધકામ થઈ રહ્યું છે. ટ્રેડીંગ પર્પઝથી જે ઉદ્યોગો સુરતથી મુંબઈમાં સ્થળાંતર થયાં છે તે ફરી સુરતમાં આવે તેવી આશા બંધાઈ છે. બુર્સના ટાવર કેમ્પસમાં ૨૨ કિલોમીટરનું અંતર છે જે અમેરિકાના પેન્ટાગોન કરતાં પણ મોટો વિસ્તાર છે. કુલ ૬૬ લાખ ચોરસફૂટમાં ૧૧ માળના નવ ટાવર કાર્યાન્વિત થઈ રહ્યાં છે. આ બુર્સમાં ૧૦ હજાર ટુ-વ્હિલર્સ અને ૫૦૦૦થી વધુ મોટરકારનું પાર્કિંગ પણ બનાવવામાં આવ્યું છે.








**ખાનગી એપીએમસી એટલે મોટું નુકશાન...**

ગુજરાતમાં ખાનગી એપીએમસીનો રાફડો ફાટ્યો છે. સરકારે છેલ્લા ૧૩ વર્ષમાં ૩૧ એપીએમસીને કારોબારની મંજૂરી આપી દીધી છે જેમાં ભાજપના નેતાઓએ પણ લાભ લીધો છે. ખાનગી એપીએમસી ધરાવતા જિલ્લામાં બનાસકાંઠાનો સમાવેશ થાય છે. આ જિલ્લામાં સૌથી વધુ ૧૩ એપીએમસી આવેલી છે. સરકારનો દાવો છે કે ખાનગી એપીએમસીથી ખેડૂતોને મોટો ફાયદો થશે પરંતુ હકીકત એવી છે કે તેનાથી સહકારી ક્ષેત્રને મરણતોલ ફટકો પડશે. સરકાર કહે છે કે ખાનગી એપીએમસીમાં વેપારીને બે ટકા સેસ ચૂકવવો નહીં પડે. ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળશે. માર્કેટમાં તંદુરસ્ત હરિફાઈ થશે અને ખેતરમાંથી સીધી ખરીદી થશે. બીજી તરફ સહકારી આગેવાનો કહે છે કે અમારા ક્ષેત્રને સૌથી વધુ નુકશાન થશે. ખરીદી ચાર્જ નાબૂદ થતાં કરોડો રૂપિયાનું નુકશાન થશે. રાજ્યની ૪૫ એપીએમસીની આવક શૂન્ય થઈ જશે. સહકારી ક્ષેત્રની એપીએમસીમાં કામ કરી રહેલા કર્મચારીઓની નોકરી જોખમાઈ રહી છે. ભાવમાં કાર્ટેલ રચાશે તો ખેડૂતોને પોષણક્ષણ ભાવ નહીં મળે.

**ભ્રષ્ટ તંત્રને અટકાવવાનો મોટો પડકાર...**

ગુજરાતમાં પ્રત્યેક બીજા દિવસે કોઈને કોઈ અધિકારી કે કર્મચારી લાંચ લેતાં પકડાઈ રહ્યો છે તે જોતાં ભ્રષ્ટ તંત્રને અટકાવવાનો મોટો પડકાર ઉભો થયો છે. આ સંજોગોમાં એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) ની કામગીરી સરાહનિય છે પરંતુ છીંડે ચઢ્યો તે ચોર.. એ ઉક્તિ સામે રાખીએ તો ભ્રષ્ટ તંત્રમાં ૧૦૦માંથી માત્ર પાંચ કેસ પકડાય છે. ૨૦૨૦ના આંકડા પ્રમાણે એસીબીએ ૨૦૦ જેટલા ગુના દાખલ કર્યા છે અને ૩૧૦ આરોપીઓને પકડ્યા છે. કોરોના સંક્રમણની મહામારી વચ્ચે પણ આટલા કેસ થાય તે આશ્ચર્ય ઉપજાવે છે. બ્યુરોના ઈતિહાસમાં પસાર થયેલા એક વર્ષમાં સૌથી વધુ ૩૮ જેટલા અપ્રમાણસર મિલકતના ગુના બન્યાં છે જે અગાઉના વર્ષમાં ક્યારેય જોવા મળ્યા નથી. આ ગુનામાં ક્લાસ-૧ના ત્રણ અને ક્લાસ-૨ના ૧૧ ગુના સામેલ છે. વર્ષના અંતે સૌથી વધુ ૫૦ લાખ રૂપિયાની લાંચ લેવાનો એક ગુનો આરઆર સેલના હેડ કોન્સેબલનો બન્યો છે. આણંદની એક રેસ્ટોરન્ટમાં તેઓ લાંચ લેતાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા. સરકારની પ્રત્યેક ઓફિસના દ્વાર પર એવું બોર્ડ છે કે લાંચ લેવી એ ગુનો છે પરંતુ લાંચ આપવી એ પણ ગુનો છે તેવા કાયદાનો જ્યારે પ્રારંભ થશે ત્યારે આ દૂષણમાં નિયંત્રણ આવી જશે.

### ગુજરાતમાં ભ્રષ્ટાચાર બેકાબૂ બન્યો - પ્રત્યેક બે દિવસે લાંચ લેવાનો એક કેસ નોંધાઇ રહ્યો છે

**અમેરિકા જવું હોય તો બે પ્રશ્નો સામે આવશે...**

વિશ્વના દેશોમાં કોરોના સંક્રમણના કારણે પ્રવાસન ઉદ્યોગ ઠપ્પ થઈ ગયો છે પરંતુ સૌથી વધુ કોરોના કેસ છે તેવા અમેરિકામાં જવા માટે ગુજરાતીઓ કપરાં સમયમાં પણ ઉત્સુક બન્યાં છે. ફરવા માટે વિઝીટર વિઝા ધરાવતા નાગરિકો અમેરિકા તો જાય છે પરંતુ ઈમિગ્રેશનના નિયમોનું પાલન નહીં થતાં તેમને પાછા મોકલી દેવામાં આવે છે. કોરોના સંક્રમણના સમયમાં અમેરિકામાં ફરવા જવું હિતાવહ નથી તેવી ચેતવણી છતાં જે પરિવારો જાય છે તેમને ખરાબ અનુભવ થાય છે અને અમેરિકન ઓથોરિટીના એરપોર્ટ પર ઉતરતાં જ પાછા મોકલી દેવામાં આવે છે. ઈમિગ્રેશન સેન્ટર પર કડક ચેકીંગ શરૂ કરવામાં આવેલું છે. જે લોકો વિઝીટર વિઝા પર અમેરિકા જવા માગતા હોય તેમણે અમેરિકન એમ્બેસીમાં એક ઈમેઈલ કરવાનો હોય છે જેમાં ક્યા કારણથી આવી રહ્યાં છો અને ક્યારે પાછા ફરશો... તે બન્ને પ્રશ્નના જવાબ આપીને રિટર્ન ટિકીટ બતાવવાની હોય છે. આ ઈમેઈલની પ્રિન્ટ કોપી ભારતમાંથી અમેરિકા જનારા નાગરિકોએ અમેરિકન ઈમિગ્રેશન અધિકારીને બતાવવી ફરજીયાત છે. આ નિયમથી અજાણ નાગરિકોને પાછા મોકલી દેવામાં આવે છે. આ સમય ફરવાનો નથી તેવું ગુજરાતી નાગરિકોએ સમજી લેવાની જરૂર છે, નહીં તો કારણ વિના પરેશાની ભોગવવી પડી શકે છે.

**વિસરાયેલી ફાઉન્ટન પેનની આત્મકથા...**

હું ફાઉન્ટન પેન છું...
આજની નવી પેઢી કદાચ મને નહીં ઓળખે,
આમ તો અનાદિકાળથી મારું અસ્તિત્વ છે.
મારા સૂર્યમંડળમાં ય નવ ગ્રહો છેપ
નીબ, સેકશન, ફીડ, બેરલ, કેપ, કાટ્રીજ, કન્વર્ટર, કલેકટર.
અને ધબકતી પૃથ્વી જેવો મારો આત્મા, એટલે મારી શાહી,
મારા શાહી ઠાઠ-માઠની જનેતા આ શાહી જ છેપ
મે કેટલીય ક્રાંતિ જોઈ છે. રાજ તારાજ થતાં જોયાં છે,
તખ્ત પલટતાં જોયા છે, તો દિલ ધડકતાં પણ જોયા છેપ
મારી નીબ મારી જબાન છે, મારી બેરલ મારી ઉર્જા છે,
મારી શાહી મારું બયાન છે...
ગુજરાતના વહીવટની ચડતી-પડતી મેં જોઈ છે.
હિતેન્દ્ર દેસાઈ, બાબુભાઈ પટેલ, માધવસિંહ સોલંકીપ
આ બધા મને લાડથી રાખતાં.
જેમ હું ‘તમોલ્લને ગમતી, એમ ‘નમોલ્લ ને ય ગમતી...
હા, હું બહું ‘વગદારલ્લ છું.
સીએમ થી લઈ પીએમ ની ‘કોટીલ્લના પોકેટ સુધીની હું પહોંચ ધરાવું છું.
ઉચ્ચ અધિકારીઓના ડેસ્ક ઉપર હું વટથી બીરાજમાન છું.
વકીલોની બ્રીફકેસમાં હજુ મે મારું સ્થાન છે.
ન્યાયાધીશ અણગમતો ચુકાદો આપે, તો મારી નીબ મરડી નાખીને...
તેમની વેદના વ્યકત કરતાં પણ મે જોયા છે...
--- અને એ ચુકાદાની સંવેદનાય મે અનુભવી છે.
હું આજે તમારી સામે અડીખમ ઊભી છું. હું ફાઉન્ટન પેન છું.
જો મારી શાહી ભીની હશે તો કોઈક મારા હસ્તાક્ષર મીટાવી શકશે,
પણ મારી હસ્તી મીટાવવાની કોઈની તાકાત નથી...

**- રિનીશ ભટ્ટ, કર્મયોગી**

**સ્થાનિક ચૂંટણીમાં માત્ર બે પાર્ટી નહીં હોય...**

ગુજરાતમાં યોજાનારી સ્થાનિક ચૂંટણીઓમાં માત્ર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે નહીં પરંતુ ૧૦થી વધુ પાર્ટીઓ વચ્ચે સ્પર્ધા હશે તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. રાજ્ય ચૂંટણી પંચના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ફેબ્રુઆરી મહિનામાં સ્થાનિક ચૂંટણી થવાની છે. આ ચૂંટણીમાં ભાજપ ઉપરાંત કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, શિવસેના, બહુજન સમાજ પાર્ટી, સમાજવાદી પાર્ટી, પ્રજાશક્તિ અને અન્ય મળીને કુલ ૨૦ પાર્ટીઓના ઉમેદવારો મેદાનમાં ઝૂકાવશે. રાજ્યમાં ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત, ૭ મહાનગરપાલિકા અને ૫૧ નગરપાલિકાની ચૂંટણી થવાની છે.